## પંખીલોક

★ પ્રવીણ સરવૈયા

# નકટો (Knob-billed Duck, Comb Duck)

આપણે ત્યાં સરોવરો, તળાવડાં, સરાણો, સિંચાઈ તળાવો વગેરે વિપુલ માત્રામાં છે. આ બધાં જલપ્લાવિત ક્ષેત્રો પક્ષીઓના આશ્રયસ્થાનો છે. એક અંદાજ મુજબ ભારતમાં આવેલ જલપ્લાવિત ક્ષેત્રોના કુલ વિસ્તારનો ૩૬% વિસ્તાર ગુજરાતમાં છે, તેથી જલપ્લાવિત ક્ષેત્રો પર નભતાં પંખીઓ માટે ગુજરાત ઉત્તમ આશ્રયસ્થાન છે. વિવિધ પ્રકારના બગલા, જાતજાતની બતકો, તુતવારીઓ, કાંકણસારો, પેણ, કાજિયા વગેરે પક્ષીઓ જલપ્લાવિત ક્ષેત્રો પર ખોરાક અને રહેઠાણનું અવલંબન રાખે છે. આ બધાં પક્ષીઓમાં બતક સર્વવ્યાપી છે.

બતકોની આપણે ત્યાં લગભગ ૨૦થી વધુ જાતો જોવા મળે છે. તેમાંની કેટલીક યાયાવર એટલે કે મુલાકાતી છે, જ્યારે કેટલીક અહીંની સ્થાનિક અધિવાસી છે. ‘ડૂબકી-બતક’, ‘નકટો’, ‘ગયણો’, ‘ભગતડું, ‘પિયાસણ’, ‘ભગવી સુરખાબ’ વગેરે









બતકો આપણે ત્યાં સર્વવ્યાપક છે.

બધી બતકોમાં નકટો જરા વિશિષ્ટ બતક છે. અંગ્રેજીમાં તેને ‘Knob-billed Duck’ અથવા ‘Comb Duck’ કહે છે. તે ત્રીસેક ઇંચનું કદ ધરાવતી મોટી બતક છે.

રંગે તે ચળકતા જાંબલી રંગની છે. જાંબલી રંગમાં વાદળી અને લીલા રંગની ઝાંય દેખાય છે. તેનું માથું કાળા રંગનું છે. ડોક અને પેટ તરફનો ભાગ સફેદ છે. માથા પર તથા ડોક પર કાળાં ટપકાં છે. નકટાને ઓળખવાની ખરી નિશાની છે તેની ચાંચ પરનો ટેકરો. નર-પંખીને ચાંચના ઉપલા પાંખિયા પર જાડો ચામડીનો ગોળ ટેકરો હોય છે, જેને અંગ્રેજીમાં ‘Comb’ કહે છે. તેથી તેનું નામ ‘Comb Duck’ છે. આ ટેકરો બટન (Knob) જેવો પણ લાગે છે. ચાંચ પરના આ ટેકરાથી બધી બતકોમાં નકટો બતક જુદી તરી આવે છે.

નકટાની ચાંચ કાળી છે. તેના પગ લીલા રંગના છે. જ્યારે અન્ય બતકોના પગનો રંગ મોટા ભાગે પીળાશપડતો નારંગી હોય છે. નકટો બહુ વ્યાપક બતક છે. આપણાં દરેક નાનાં-મોટાં તળાવમાં તેની હાજરી અવશ્ય હોય છે. તે નાનાં ટોળાંમાં રહે છે.

ઘાસવાળાં તળાવો તેનું પ્રિય રહેઠાણ છે. આવાં તળાવોમાં તે કાંઠાની વનસ્પતિ ખાતાં દેખાય છે. પાણીની બધી જાતની વનસ્પતિ અને દેડકા તથા બીજી જીવાત તેનો મુખ્ય ખોરાક છે. જો તેને હેરાન કરવામાં ન આવે તો આ બતકો માણસોથી ડરતાં નથી. જ્યાં માણસોની હાજરી હોય ત્યાં પણ તે ડાંગરની ક્યારીની આસપાસ ચારો ચરતી હોય છે. તે ઝડપી અને ચપળતાથી ઊડી શકે છે.

તે સારું તરી શકે છે. છીછરા પાણીમાં ઊંધા માથે થઈને અડધું શરીર પાણીની ઉપર રાખી તળિયેથી વનસ્પતિ, જીવડાં વગેરેને પકડે છે. ગયણા બતકની સાથે એકસામટા નકટા બતકો ઊંધા માથે પાણીમાંથી ખોરાક શોધતાં હોય ત્યારે જોવા જેવું દશ્ય બને છે.

**તે છીછરા પાણીમાં ઊંધા માથે થઈને અડધું શરીર પાણીની ઉપર રાખી તળિયેથી વનસ્પતિ, જીવડાં વગેરેને પકડે છે. ગયણા બતકની સાથે એકસામટા નકટા બતકો ઊંધા માથે પાણીમાંથી ખોરાક શોધતાં હોય ત્યારે જોવા જેવું દૃશ્ય બને છે**

નકટો બતક ઝાડની ડાળી પર પણ બેસી શકે છે. તે ખૂબ સારી રીતે ચાલી પણ શકે છે. તે ઝાડના થડની કુદરતી બખોલમાં ૮ થી ૧૦ જેટલાં ઈંડાં મૂકે છે. ઈંડાનો રંગ મલાઈ જેવો ધોળો હોય છે. ઈંડામાંથી નીકળેલાં રુવાંટીવાળાં બચ્ચાં ખૂબ સુંદર લાગે છે.

પાણીકાંઠાની આ વ્યાપક બતક જોવા જેવી અને સુંદર બતક છે.

બતકો જળપ્લાવિત ક્ષેત્રોના અભિન્ન અંગ છે. સાથે આપણાં જળાશયોની શોભા પણ વધારે છે. આપણે કુદરતના તમામ જીવોને એની રીતે જીવવા દેવા જોઈએ.

# વિશ્વનો એકમાત્ર દેશ, જ્યાં સફેદ નહીં કાળા વિમાન ઉડે છે!

જ્યારે પણ વિશ્વભરના લોકો વિદેશ પ્રવાસ કરે છે, ત્યારે તેઓ હંમેશા ફ્લાઈટ પસંદ કરે છે. ઘણીવાર એવું જોવા મળે છે કે વિમાનો પરિવહનના અન્ય કોઈપણ માધ્યમો કરતાં ઝડપી અને વધુ આરામદાયક મુસાફરી પૂરી પાડે છે. તમે ક્યારેક વિમાનોનો રંગ જોયો હશે. સામાન્ય રીતે, તમે વિમાનોને સફેદ રંગમાં જુઓ છો. પરંતુ શું તમે જાણો છો કે એક એવો દેશ છે જ્યાં વિમાનો કાળા રંગના હોય છે? આજે, અમે તમને જણાવીશું કે કાળા વિમાનો કયા દેશમાં જોવા મળે છે.

વિમાન હંમેશા સફેદ રંગનું કેમ હોય છે?

જ્યારે પણ કોઈ વિમાન ઉડાન ભરે છે, ત્યારે ઉડાન જોવા માટે તેનું માથું હંમેશા આકાશ તરફ ફેરવાય છે. પરિણામે, તેનો રંગ લગભગ હંમેશા સફેદ હોય છે. જોકે, આ સાચું નથી; કેટલાક વિમાનોના રંગો થોડા અલગ હોય છે, અને મોટાભાગના સફેદ દેખાય છે. અહેવાલો વિમાનોના સફેદ રંગ માટે નીચેના કારણો સૂચવે છે. વિ કા કેપ્શનમાં લખ્યું છે, “એર ન્યુઝીલેન્ડના પ્રતિષ્ઠિત કાળા વિમાનો માત્ર દૃષ્ટિની




રીતે આકર્ષક જ નથી પણ રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક પણ છે. સિલ્વર ફર્ન લોગોથી શણગારેલા, આ કાળા વિમાનો ન્યુઝીલેન્ડની સાંસ્કૃતિક ઓળખને પ્રતિબિંબિત કરે છે અને પ્રવાસન ન્યુઝીલેન્ડ અને ઓલ બ્લેક્સ જેવી રાષ્ટ્રીય રમત ટીમો સાથે ભાગીદારીને પ્રોત્સાહન આપે છે. 2013માં સૌપ્રથમ રજૂ કરાયેલ, આ કાળો રંગ આશ્ચર્યજનક રીતે સફેદ કરતાં હળવો છે, જોકે પ્રાઈમરના વધારાના સ્તરોને કારણે વધુ ખર્ચાળ છે. તેમ છતાં, તેના આકર્ષક દેખાવે તેને લોકપ્રિય પ્રિય બનાવ્યું છે. આજે, એર ન્યુઝીલેન્ડ એકમાત્ર એરલાઈન છે જે સફેદ અને કાળા બંનેમાં સમાન વિમાનનું સંચાલન કરે છે. આ આકર્ષક રંગ સંયોજન ફક્ત શૈલીની બાબત નથી - તે વૈશ્વિક સ્તરે ન્યુઝીલેન્ડની ઉજવણી કરવાના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે.”

ળા રંગના વિમાન કયા દેશમાં ઉડે છે? આ સવાલનો જવાબ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર @FlightDrama હેન્ડલ પરથી એક પોસ્ટમાં, જવાબ ‘ન્યુઝીલેન્ડ’ તરીકે આપવામાં આવ્યો છે.

માનનો સફેદ રંગ સૂર્યપ્રકાશને શ્રેષ્ઠ રીતે પ્રતિબિંબિત કરે છે. ઉડાનનો સફેદ રંગ અન્ય રંગો કરતાં ઓછો ઝાંખો પડે છે. નવા રંગથી વિમાનમાં વધારાનું વજન વધે છે, જેનાથી વિમાનનું વજન 550 કિલો સુધી વધી શકે છે. વિમાનનો સફેદ રંગ પક્ષીઓના ટક્કરનું જોખમ ઘટાડે છે. સફેદ રંગ વિમાનને થયેલા નુકસાનને ઓળખવામાં સરળતા રાખે છે.